

# Cadaver Organ Donor Manubhai H. Maheta

## Brain-dead labourer turns life saviour for five people

Times News Network



Surat: Five people got a new lease of life when family members of a 67-year-old farm labourer who was declared brain dead, decided to donate his kidneys, liver and eyes here on Monday.

Manu Mehta, a resident of Mahuva taluka of Surat district and father of four sons, fell off from his bicycle after collision with a motorcycle near Barnaniya village on December 17.

Mehta had gone there to supply milk at the milk cooperatives when the accident happened. He fell unconscious and was treated at Mahuva health centre and Sardar Hospital in Bardoli before being brought to Institute of Neurosciences, Surat. Mehta was diagnosed with brain haemorrhage and declared brain dead on December 18.

**Manu Mehta fell off from his bicycle after collision with a motorcycle near Barnaniya village on December 17. He was diagnosed with brain haemorrhage and declared brain dead on December 18**

A non-governmental organization contacted his sons Mukesh, Nilesh, Bharat and Jayesh and convinced them to donate their father's organs. They said, "We have read news of organs being transported from Surat to Mumbai to save people's lives. If our father's organs can save anyone's life, we will be glad to donate them."

A team from the IKDRC accepted donation of kidneys and liver, whereas his eyes were accepted by Lokdrashti Chakshu Bank. The kidneys were transplanted in the bodies of Tanushk Chopda (41), a resident of Bhavnagar and K C Dayanand Nambiar (61), a resident of Ahmedabad. The liver was transplanted in the body of Mahesh Patel (57), a resident of Gandhinagar and eyes were transplanted into two blind persons.

# खेत मजदूर ने दिया पांच लोगों को नया जीवन, दुर्घटना में चली गई थी जान

महुवा के ब्रेनडेड मनुभाई ने पांच लोगों को नई जिंदगी दी। मनुभाई की किडनी, लीवर और नेत्रों का दान कर दिया गया। महुवा के ईश्वरवारा गांव की निशाल फलिया में रहने वाले मनुभाई रेवाभाई (67) खेती और पशुपालन का व्यवसाय करते थे। गत 17 दिसंबर को मनुभाई दूध मंडली में दूध देकर साइकिल से अपने घर जा रहे थे। उसी समय गांव के समीप अज्ञात वाहक चालक द्वारा टक्कर मारने से वे गंभीर रूप से घायल हो गए थे। उनको इलाज के लिए तत्काल महुवा प्राथमिक स्वास्थ्य केंद्र में इलाज देने के बाद बारडोली सरदार स्मारक अस्पताल और वहां से सूरत की इंस्टिट्यूट ऑफ न्यूरोसाइंस में भर्ती किया गया था। जहां सी.टी. स्केन में पता चलने के बाद उनको ब्रेन हेमरेज और दिमाग में खून का कतरा जमा होने का निदान शुरू किया गया था।

## भावनगर, अहमदाबाद और गांधीनगर भेजे मनुभाई के अंग



## सोमवार को डॉक्टरों ने मनुभाई को ब्रेनडेड घोषित किया

# खेत मजदूर परिवार ने पिता के अंगों का किया दान



# अंगदान से तीन को मिली नई जिंदगी

सूरत. महुआ तहसील निवासी एक व्यक्ति को ब्रेन डेड घोषित किए जाने के बाद उसके अंगदान से तीन जनों को नया जीवन मिला है।

महुआ तहसील के डेरवाला गांव में निशाल फलिया निवासी मनु हीरा मेहता (67) पशुपालन तथा खेती व्यवसाय से जुड़ा था। सत्रह दिसम्बर को वह साइकिल लेकर बामणिया गांव की मंडली में दूध देने गया था। लौटते समय साइकिल को मोटर साइकिल ने टक्कर मार दी। उसके सिर में गंभीर चोट आई। उसे सूरत के आईएनएस अस्पताल में भर्ती कराया गया। 18 दिसम्बर को चिकित्सकों ने उसे ब्रेन डेड घोषित कर दिया। डोनेट लाइफ की टीम ने परिजनों को अंगदान के बारे में समझाया। सहमति मिलने पर आईकेडीआरसी के चिकित्सकों को किडनी और लीवर का दान लेने सूरत बुला लिया गया। एक किडनी भावनगर निवासी तनसुख बाबू चोपड़ा (41) और दूसरी अहमदाबाद निवासी केसी दयानंद कुंभी कानन नाम्बीयार (58) में ट्रांसप्लांट की गई, जबकि लीवर गांधीनगर निवासी महेश बाबू पटेल (47) में ट्रांसप्लांट किया गया। चक्षुओं का दान लोक दृष्टि चक्षु बैंक के डॉ. प्रफुल शिरोया ने स्वीकार किया।

---

### મહુવાના ખેતમજૂર પરિવારે અંગોનું દાન કરી માનવતા મહેકાવી

# 'કાચી માટીના કોડિયા'નું દાન કરી 5ના જીવનદીપ પ્રગટાવ્યા

હેલ્થ રિપોર્ટર.સુરત | મહુવાના ખેતમજૂર પરિવારે બ્રેનડેડ પિતાના અંગોનું દાન કરી માનવતા મહેકાવી હતી. બ્રેનડેડ મનુભાઈના કિડની, લિવર અને ચક્ષુઓના દાન થકી 5 વ્યક્તિને નવજીવન મળ્યું છે.

## બ્રેનડેડ મનુભાઈના દાન થી 5 વ્યક્તિને નવજીવન મળ્યું

મહુવાના ડેરવાળા ગામ ખાતે નિશાળ ફળિયામાં રહેતા મનુભાઈ હીરાભાઈ મહેતા(67) ખેતમજૂરી અને પશુપાલનનો વ્યવસાય કરતા હતા, ગઈ તા.17મી ડિસેમ્બરે બામણીયા ગામ પાસે મહેતા ફળિયા નજીક અજાણ્યા બાઈક ચાલકે ટક્કર મારતા તેઓ ગંભીર રીતે ઘવાયા હતા, જેથી તેમને સારવાર માટે મહુવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક સારવાર બાદ બારડોલી સરદાર સ્મારક અને ત્યાંથી સુરતમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂરોસાયન્સમાં દાખલ કરાયા હતા. જ્યાં સિટી સ્કેનમાં તેમને બ્રેઈન હેમરેજ અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. સોમવારે તેમને ન્યૂરોસર્જન ડૉ.અશોક પટેલ અને ન્યૂરોફિઝિશીયન ડૉ.મનોજ સત્યનારાયણે બ્રેનડેડ જાહેર કર્યા હતા. જેની જાણ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાને કરવામાં આવી હતી, જેથી ડોનેટ લાઈફની ટીમ ત્યા પહોંચી ગઈ હતી અને મનુભાઈના પુત્રો મુકેશ, નિલેશ અને જયેશને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી મહત્ત્વ સમજાવ્યું હતું. મનુભાઈના કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરાયું હતું, એક કિડની ભાવનગરના તનસુખ બાબુ ચોપડા(41)માં અને બીજી કિડની અમદાવાદના રહેવાસી કે.સી.દયાનંદ કુમ્ભી કાનન નામ્બીયાર(58)માં જ્યારે લીવર ગાંધીનગરના મહેશ બાબુ પટેલ(47)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી રહ્યું છે.

# ખેતમજૂરના પરિવારે કુટુંબના મોભીના અંગોનું દાન કરી માનવતા મહેકાવી

**સુરત, તા.૧૯**

મહુવા તાલુકાના ઝેરવાવરા ગામના ખેતમજૂર પરિવારે કુટુંબના મોભી બ્રેઇનડેડ થતા અંગોનું દાન કરી પાંચ વ્યકિતઓને નવુજીવન આપી સમાજને નવી દિશા બતાવી છે.

આ અંગેની મળતી વિગતો અનુસાર ઝેરવાવરા ગામે ખેતમજૂરી અને પશુપાલન કરતા મનુભાઇ હીરાભાઇ મહેતા (ઉ. વ. ૬૭) ૧૭ ડીસેમ્બરના રોજ બામણીયા ગામે આવેલ દૂધમંડળીમાં દૂધ આપીને પોતાના ઘર તરફ સાયકલ પર પરત ફરી રહ્યા હતા, ત્યારે બામણીયા ગામ પાસે મહેતા ફળિયા નજદીક એક અજાણ્યા બાઇક ચાલકે મનુભાઇને ટક્કર મારતા તેઓ પોતાની સાયકલ ઉપરથી નીચે પડી ગયા હતા અને માથામાં ગંભીર ઇજાઓ થવાથી બેભાન થઇ ગયા હતા. તેમને તાત્કાલિક મહુવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરી પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે બારડોલીમાં આવેલ સરદાર સ્મારક હોસ્પીટલ અને ત્યાંથી સુરતમાં આવેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ન્યુરોસાઇન્સમાં દાખલ કરાયા હતા જ્યાં સિટી સ્કેન કરાવતા બ્રેઇન હેમરેજ થયાનું નિદાન થયું હતું. ૧૮મીએ તેમને બ્રેઇનડેડ જાહેર કરાયા હતા.



આ અંગે હોસ્પીટલના ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. અંકિત ગજ્જરે ડોનેટ લાઇફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો સંપર્ક કરી જાણ કરતા ડોનેટ લાઇફની ટીમે હોસ્પિટલ પહોંચી મનુભાઇના પુત્રો મુકેશ, નિલેશ અને જયેશને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવતા પુત્રો અને પરિવારે અંગદાનની સંમતી આપી હતી.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની ભાવનગરના તનસુખ બચુભાઇ ચોપડા (ઉ.વ. ૪૧)માં અને બીજી કિડની અમદાવાદના કે. સી. દયાનંદ કુન્બી કાનન નામ્બીયાર (ઉ. વ. ૫૮)માં, જયારે લિવર ગાંધીનગરના મહેશ બાબુભાઇ પટેલ (ઉ. વ. ૪૭) માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC માં ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યુ હતું. સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઇફ દ્વારા ૨૩૪ કિડની, ૯૪ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૬ હૃદય અને ૧૯૬ ચક્ષુઓનો દાન મેળવીને ૫૪૭ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

## ઢોડીયા પટેલ સમાજના બ્રેઇન ડેડ મનુભાઇ મહેતાના કિડની, લિવર અને ચક્ષુઓના દાન થકી પાંચ વ્યક્તિઓને નવુ જીવન મળ્યું

# બ્રેઈનડેડ મનુભાઈના અંગોના દાન દ્વારા પાંચને નવજીવન અપાયું

## ભાવનગરના યુવાન તનસુખ ચોપડા અને અમદાવાદના કે. સી. દયાનંદ નામના દર્દીને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાઇ

સુરત, મંગળવાર: સુરત જિલ્લાના મહુવા તાલુકાના ઉમરવાવરા ગામના ઝરી ફળીયામાં રહેતા મનુભાઇ ગિરાભાઇ મહેતાને અકસ્માત થયા પછી બ્રેનડેડ થતા પરિવારના સ્વજનોએ અંગદાન કરી પાંચ લોકોને નવજીવન આપ્યુ હતું. બનાવની વિગત એવી છે કે તા.૧૭ ડિસેમ્બરના રોજ મનુભાઇ પોતાને ત્યાંની ગાયને દોહીને, દૂધ બામણીયા ગામે આવેલ દૂધમંડળીમાં દૂધ આપીને પોતાના ઘર તરફ સાયકલ પર પરત ફરી રહ્યા હતા, ત્યારે બામણીયા ગામ પાસે મહેતા ફળિયા નજીક એક અજાણ્યા બાઇકચાલકે મનુભાઇને ને ટક્કર મારતા તેઓ પોતાની સાયકલ ઉપરથી નીચે પડી ગયા હતા અને માથામાં ગંભીર ઇજાઓ થવાથી બેભાન થઇ ગયા હતા. તેમને તાત્કાલિક મહુવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરી પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે બારડોલીમાં આવેલ સરદાર સ્મારક હોસ્પિટલ અને ત્યાંથી સુરતમાં આવેલ ઇન્સ્ટીટ્યૂટ ઓફ ન્યુરોસાઇન્સ સુરત (આઇએનએસ)માં ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલની સારવાર હેઠળ રાત્રે દાખલ કરવામાં આવ્યા હતા. નિદાન માટે સીટી સ્કેન કરાવતા બ્રેઇન હેમરેજ અને મગજમાં લોહીનો ગઠ્ઠો ગયો હોવાનું નિદાન થયું હતું અને દર્દીને ૧૮ ડીસેમ્બરના રોજ બ્રેનડેડ જાહેર કરવામાં આવ્યા હતા. ડોનેટ લાઇફની ટીમે હોસ્પિટલ પહોંચી મનુભાઇના પુત્રો મુકેશ, નિલેશ અને જયેશને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્ત્વ સમજાવ્યું.



મનુભાઇના સૌ પુત્રોએ જણાવ્યું કે અમારા પિતા ખૂબ સેવાભાવી હતા. અમે થોડાક મહિના પહેલા ટીવી પર સુરતથી મુંબઇ હાર્ટ મોકલ્યું તેના સમાચાર જોયા હતા. આજે જ્યારે અમારા પિતાજી બ્રેનડેડ છે ત્યારે તેમના અંગો બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો. પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ આઇ.કે.ડી.આર.સી.નો સંપર્ક કર્યો હતો જ્યાં કિડની, લીવરનું દાન કરવામાં આવ્યું હતું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદૃષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની ભાવનગરના રહેવાસી તનસુખ મથુભાઇ ચોપડા ઉ.વ.૪૧માં અને બીજી કિડની અમદાવાદના રહેવાસી કે. સી. દયાનંદ કુન્મી કાનન નામ્બીયાર ઉ.વ.૫૮માં જ્યારે લિવર ગાંધીનગરમાં રહેવાસી મહેશ બાબુભાઇ પટેલ ઉ.વ.૪૭માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) માં ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી રહ્યું છે.

Press Report Of Various Newspaper on

# Organ Donation Activities

## મહુવા (સુરત)ના ખેતમજૂરે અંગોનું દાન કરી પાંચ વ્યક્તિને નવજીવન આપી માનવતા મહેકાવી





## મહુવાના વૃધ્ધના અંગોના દાનથી પાંચ વ્યક્તિને નવજીવન મળ્યું

## ૬૭ વર્ષિય મનુભાઈ મહેતાને અકસ્માત નડ્યા બાદ બ્રેઈનડેડ જાહેર કરાયા હતા

